આજે નગરમાં હનુમાન જયંતિની ભક્તિપૂર્ણ ઉજવણી કરાશે

ઠેર ઠેર સુંદરકાંડ-મારૂતિયજ્ઞ યોજાશે : સે. ૨માં ગાંધીનગરમાં પ્રથમવાર પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે હનુમાન ચાલીસાના પાઠ યોજાશે : ડભોડીયા દાદાનો ૧૧૧૧ તેલના ડબાનો અભિષેક કરાશે અને ૧૫૧ કિલોની કેક કાપવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં તા. ૪થી એપ્રિલ શનિવારે હનુમાન જયંતિ ભારે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. પવિત્ર હનુમાન જયંતિના પર્વે નગરમાં ઠેર ઠેર સુંદરકાંડ અને શ્રીમદ્ ભાગવત કથા તેમજ મારૂતિ યજ્ઞ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો ઉપરાંત નગરના તમામ હનુમાન દાદાના મંદિરો અને રામજી મંદિરો ઉપરાંત મહાદેવ મંદિરોમાં વિશેષ પૂજા-આરતી-સુંદરકાંડ વગેરે યોજાશે. જેનો લાભ લેવા શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડશે.

આ વર્ષે ઘણા સમયે હનુમાન જયંતિ શનિવારે છે અને આ દિવસે ચંદ્રગ્રહણ પણ થવાનું છે. આવો હનુમાન જયંતિ, શનિવાર અને ચંદ્રગ્રહણનો સુભગ સમન્વય જવલ્લે જ જોવા મળે છે. આ પવિત્ર દિવસે મળેલ તકનો લાભ ઉઠાવી મહાદેવજીના અગિયારમાં રૂદ્ર અવતાર સમા હનુમાનજીની જન્મ જયંતિએ તેમની ઉપાસના કરી સંકટ-કષ્ટોમાંથી મુક્તિ મેળવવાનો લ્હાવો ઉઠાવવા શ્રદ્ધાળુઓ મંદિરોમાં ઉમટી પડશે. જો કે ગ્રહણના સમય દરમ્યાન એટલે કે સવારે આશરે ૧૧ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધી ગ્રહમના કારણે મંદિરો બંધ રહેશે પરંતુ વહેલી સવારથી દર્શનાર્થે ભાવિક ભક્તો ભીડ લગાવશે અને દિવસ દરમ્યાન સુંદરકાંડ, હોમ-હવન વગેરેમાં લીન થશે. સે. ૨માં ગાંધીનગરમાં પ્રથમવાર પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે હનુમાન ચાલીસાના પાઠ યોજાશે.

ગાંધીનગર તાલુકામાં ઘણા સુવિખ્યાત હનુમાન મંદિરો આવેલા છે, પરંતુ ડભોડા ખાતે ડભોડિયા હનુમાનજી દાદાના નામે ઓળખાતુ મંદિર સુપ્રિસદ્ધ યાત્રાધામ છે. આ મંદિરે દર શનિવાર-મંગળવારે ભક્તોની ભારે ભીડ ઉમટે છે. અને જ્યારે હનુમાનજીની જન્મ જયંતિ હોય ત્યારે તો પુછવું જ શું? આ દિવસે હનુમાન ભક્તો માટે એસટી તંત્ર દ્વારા સ્પેશ્યલ બસો પણ દોડાવવામાં આવે છે અને અમદાવાદથી આવતા શ્રદ્ધાળુઓ માટે એએમટીએસ દ્વારા વધારાની બસો મુકવામાં આવે છે. ડભોડિયા હનુમાનજી દાદાના મંદિરે આ દિવસે ૧૧૧૧ ડબ્બા તેલનો અભિષેક કરવામાં આવશે. અને ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો 'હેપ્પી બર્થ ડે' ઉજવાશે. આ ઉપરાંત મારૂતિ યજ્ઞ અને સુંદરકાંડના પાઠવગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોની ભીડને પહોંચી વળવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મંદિરના સંચાલકો દ્વારા અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

હનુમાન ચાલીસાની ગુજરાતી આવૃત્તિનું વિમોચન

ગાંધીનગરના સે. ૭-ડીમાં પ્લોટ નં. ૧૩૦૧/૧ ખાતે જય ભગવાન સેવા કેન્દ્ર દ્વારા હનુમાન ચાલીસાની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કરાશે. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે મુંબઈથી મમતાબેન મોંગિયા પધારશે. આ સ્થળે બપોરે ૨.૩૦ વાગે હીલિંગ અને મેડિટેશન અંગે ખાસ સેશન યોજાશે.

હનુમાન જયંતિ નિમિત્તે નગરમાં યોજાનારા ધાર્મિક કાર્યક્રમો

- **બાલા હનુમાનજી મંદિર, સે.૨**
  સે. ૨માં બાલા હનુમાનજીના મંદિરે સવારે ૯ કલાકે મારૂતિ યજ્ઞનો પ્રારંભ કરાશે. સાંજે ૬ કલાકે કાન્તિભાઈ યોગીના સ્વરે સુંદરકાંડના પાઠ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮ કલાકે ગાંધીનગરમાં પ્રથમવાર અહીં પોલીસ બેન્ડ દ્વારા હનુમાન ચાલીસા પાઠ અને હનુમાનજીની મહાઆરતી યોજાશે.
- **ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સે. ૬-બી**
  સે. ૬-બીના ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કથાકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડ કથા-પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડ કુમાર પ્રદિપભાઈ ભટ્ટના યજમાન પદે યોજવામાં આવ્યા છે.
- **સોમનાથ મહાદેવ, પોલીસ લાઈન, સે. ૨૭**
  સે. ૨૭માં પોલીસ લાઈનમાં આવેલ સોમનાથ મહાદેવના મંદિરે હનુમાન જયંતિના પવિત્ર દિવસથી શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થશે. આ ભાગવત કથા સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે. કથાનો પ્રારંભ તા. ૪ થી એપ્રિલે બપોરે ૨.૩૦ કલાકે થશે અને કથા વિરામ તા. ૧૦મી એપ્રિલે થશે. આ ઉપરાંત હનુમાન જયંતિના દિવસે કથા સ્થળે સુંદરકાંડના પાઠ પણ યોજાશે. શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા બપોરે ૨ વાગે પોલીસ લાઈનમાં બ્લોક નં. બી૧/૨ રમિલાબેન રમેશચંદ્ર ત્રિવેદીના નિવાસસ્થાને નીકળી કથા સ્થળે જશે.
- **આનંદનગર, સે. ૨૭**
  સેક્ટર-૨૭ની આનંદનગર સોસાયટીમાં રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે.
- **કિર્તિધામ સોસાયટી, વાવોલ**
  વાવોલ ખાતે કિર્તિધામ રોહાઉસ સોસાયટીમાં જે અને કે લાઈનમાં બપોરે ૩ કલાકે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો યોજાશે. આ ઉપરાંત અહીં રાત્રે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન વાવોલના કષ્ટભંજન દેવ સુંદરકાંડ સત્સંગ મંડળ દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.
- **ગોરા હનુમાનજી મંદિર, કોલવડા**
  કોલવડા-સોનીપુર રોડ પર આયુર્વેદીક કોલેજની બાજુમાં ગોરા હનુમાનજીના મંદિરે સવારે હનુમાન જયંતિ મહોત્સવ તથા મારૂતિનંદન હવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બપોરે ૧૨ વાગે મહાપ્રસાદ-ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
- **કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી, રાંધેજા**
  ગાંધીનગર-માણસા હાઈવે પર રેલવે ફાટક પાસે કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિરે સવારે ૭ થી ૮.૩૦ વાગ્યા દરમ્યાન મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન વક્તા બંધુઓ દિલીપ ભારતી અને સંજય ભારતીના કંઠે સુંદરકાંડના પાઠ યોજાશે. અહીં બપોરે ૧૨ કલાકે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.
- **ડભોડિયા હનુમાનજી મંદિર, ડભોડા**
  સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડા ખાતે હનુમાનજી મંદિરે સવારે ૩.૩૦ કલાકે મારૂતિ યજ્ઞ યોજાશે. ૬.૩૦ કલાકે ૧૧૧૧ તેલના ડબાથી હનુમાનજી દાદાનો અભિષેક કરાશે. અને ૭.૩૦ કલાકે બેન્ડવાજા સહિત જાજરમાન શોભાયાત્રા કાઢવામાં આવશે. સવારે ૯.૪૫ કલાકે ધજા ચઢાવાશે અને ૧૦ કલાકે મહાઆરતી કરાશે. ત્યારબાદ ૧૦.૩૦ કલાકે ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો 'હેપ્પી બર્થડે' ઉજવાશે અને ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરાશે.

મોબાઈલ ટાવર સેન્ટરના રૂમનું તાળુ તોડી ૨૪ બેટરીની ચોરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીક ઈસનપુર મોટા ગામની સીમમાં સ્થિત મોબાઈલ કંપનીના ટાવરના સેન્ટર રૂમનું તાળુ તોડીને ૯ જાન્યુઆરીએ ૨૪ નંગ બેટરીઓની ચોરી કરી બેટરીચોરો ભાગી ગયા હતા. અરજી સ્વરૂપે રાખેલા આ અરજી અંગે આજે ચિલોડા પોલીસે હનુમાનસિંહ ગણપતસિંહ ભાટીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રૂ. ૯૦ હજારની કિંમતની બેટરીઓની ચોરી અંગે ચિલોડા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી પીએસઆઈ એસજી. મકવાણાએ તપાસ શરૂ કરી છે.

ટ્રેકટરની ટ્રોલી વિજ વાયરને અડકી જતાં બે ભાઈઓનું ભડથું...!

છાલા પાસેના કાનપુર ગામે ખેતરમાં બે સગા ભાઈઓ કામ કરી રહ્યા હતા ત્યારે બનેલી ઘટના : ગામમાં શોકનો માહોલ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક સ્થિત છાલા પાસેના કાનપુર ગામમાં ગઈ મોડી સાંજે બે સગા ભાઈઓએ ટ્રેકટરની ટ્રોલીમાંથી પોતાના ખેતરમાં ઘઉં ખાલી કરી રહ્યા હતા ત્યારે ઉપરથી પસાર થતાં વિજ વાયરને ટ્રોલી અડકી જતાં બંને ભાઈઓ ચોંટી ગયા હતા અને સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ગામમાં આ ઘટનાથી શોકનો માહોલ છવાઈ ગયો છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ છાલા પાસેના કાનપુર ગામમાં એક ખેતરમાં બે સગા ભાઈઓ ૪૪ વર્ષીય દિનેશભાઈ જીવભાઈ પટેલ અને ૩૮ વર્ષીય અશોકભાઈ જીવાભાઈ પટેલ બંને ટ્રેકટરની ટ્રોલીમાંથી ઘઉં ખાલી કરી રહ્યા હતાં. હાઈડ્રોલીક ટ્રોલી ઉંચી કરતાં અંધારામાં ખેતર ઉપરથી પસાર થતા હાઈ વોલ્ટેજ વિજ વાયરનું ધ્યાન રહ્યું નહી અને જીવંત વિજ વાયરને ટ્રોલી અડકી જતાં કરંટથી બંને ભાઈઓ ચોંટી ગયા હતા અને દાઝી જવાથી સ્થળ પર જ ભડથું થઈ ગયા હતાં. તાત્કાલિક બંને ભાઈઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. જો કે બંને ભાઈઓનું કરંટ લાગવાથી મૃત્યુ થઈ ચુકેલું હતું. પોલીસને ઘટનાની જાણ થતા ચિલોડા પોલીસ મથકનાં હિરાભાઈ ખાંટ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આરંભી છે. પરિવારના બે આધાર સ્થંભ સમા દિકરાઓના મૃત્યુથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે જયારે સમગ્ર ગામમાં સન્નાટો મચી જવા પામ્યો છે.

જી.વી.કે. ઈમરજન્સી ૧૦૮ દ્વારા રજી એપ્રિલે ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે વિશેષ સેવા કરનાર કર્મચારીને સન્માનિત કરવામાં આવે છે. ગાંધીનગરના ઈ.એમ.ટી. કુલદિપસિંહ ચાવડા અને શ્યામલભાઈ રબારીનું સન્માન કરવામાં આવ્યું હતું.

રવિવારે દલિત સેનાની બેઠક મળશે

ગાંધીનગર જિલ્લા દલિત સેના ડૉ. બાબા સાહેબની જન્મજયંતિ મનાવવાના આયોજન માટે બેઠક યોજશે. આગામી ૫ એપ્રિલ રવિવારે સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સેક્ટર-૧૨ ખાતે બેઠક યોજાશે. બેઠકમાં બંધારણના ઘડવૈયા બાબા સાહેબની જન્મજયંતિ ઉજવણી અને ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. તેમજ સેનામાં મહિલાઓનું યોગદાન, હોદ્દેદારો, સભ્યોની નિમણુંક કરવામાં આવશે. દલિત સેનાની પ્રવૃત્તિમાં રસ ધરાવતા ભાઈ બહેનોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

૪૦ વર્ષીય પરિણતાએ ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર નજીક સ્થિત સી. આર. પી.એપ. કેમ્પમાં રહેતી ૪૦ વર્ષીય પરિણીતા લીલાવતીબેન ધનંજયભાઈ મિશ્રા આજે બપોરે પોણા એક વાગ્યાના અરસામાં અગમ્ય કારણોસર ઘઉંમાં નાંખવાની દવાઓ ગળી લેતા તરફડી રહી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ત્રણેક કલાકમાં તેણીના પ્રાણપંખેરુ ઉડી ગયા હતાં.

પોલીસ પર હુમલો કરનાર ત્રણેય શખ્સોએ ઓળખ છુપાવી હતી

ડીસમીસ થયેલા બીએસએફના જવાન સહીત ત્રણેય સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૩

શહેરના સે-૧૯ નજીક ત્રણ શખ્સોએ ગઈ કાલે પોલીસ પર હુમલો કર્યાની ઘટના બની હતી. આ ત્રણેય શખ્સોને પોલીસ સ્ટેશન લાવીને હુમલા અંતર્ગત તેમની સામે ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું કે આ ત્રણેય શખ્સોએ પોતાની ઓળખ છુપાવી હતી અને પોલીસને ખોટા નામ જણાવ્યા હતા. સે-૨૧ પોલીસે એક ડીસમીસ થયેલા બીએસએફ જવાન સહીત ત્રણેય સામે ઓળખ છુપાવવા અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગઈ કાલે ગાંધીનગર એલસીબીના જવાનો બેફામ જતા ત્રણ બાઈક સવારોને ઉભા રાખવા ગયા તેમાં સે-૧૯ પાસે ત્રણેય શખ્સોએ પોલીસ ઉપર હુમલો કર્યો હતો. ત્રણેયને પકડીને સે-૨૧ પોલીસ મથકમાં લઈ જઈ ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે પોલીસ સમક્ષ તે શખ્સોએ જે નામો લખાવ્યા હતા તે ખોટા હતાં. બીએસએફમાંથી ડીસમીસ થયેલા જવાને રાહુલ નામ લખાવ્યું હતું તેનું નામ વિવેક સત્યજીતસિંહ ઝાંટ હોવાનું ખુલ્યુ છે. તે ઉપરાંત રોહીત નામ લખાવનાર શખ્સનું હિમાંશુ પવનકુમાર ઝાંટ અને મનોજ ચૌહાણ લખાવનારનું નામ ગૌરવ સુભાષચંદ્ર ઝાંટ નામ હોવાનું બહાર આવ્યું છે. ત્રણેય શખ્સોએ પોતાની ઓળખ પોલીસ સમક્ષ છુપાવી હોવાનું ખુલતા સે-૨૧ પીએસઆઈ અસારીએ ત્રણેય સામે કલમ ૧૭૭, ૧૭૦, ૪૨૯ મુજબ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

જમીયતપુરા પાસે ટ્રકની પાછળ એમ્બ્યુલન્સ ઘુસી જતાં એકનું મૃત્યુ

એમ્બ્યુલન્સમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા સહકર્મીનું ઘટનાસ્થળે મૃત્યુ થયુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીક સ્થિત જમીયતપુરા માર્ગ પરથી આજે સવારના અરસામાં પસાર થઈ રહેલી ટ્રકની પાછળથી બેફામ ગતિએ આવતી એમ્બ્યુલન્સે ટક્કર મારતા એમ્બ્યુલન્સમાં ડ્રાઈવરની પાસે બેસેલા સહકર્મીનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજયું હતું. મૃતકના પુત્રની ફરીયાદને આધારે એમ્બ્યુલન્સના ડ્રાઈવર સામે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારના અરસામાં પાલનપુર તરફથી પરત આવી રહેલી એમ્બ્યુલન્સ વાન નં. જીજે-૧-બી.વી.૭૧૮૪ બેફામ ગતિએ જમીયતપુરા હાઈવે પરથી નીકળી હતી. એમ્બ્યુલન્સ ચલાવી રહેલા હનીફભાઈએ એમ્બ્યુલન્સ વાનની સ્પીડ વધારી અને જમીયતપુરા પાટીયા પાસે પહોંચ્યા ત્યાં આગળ જઈ રહેલી એક ટ્રકની પાછળ ધડાકાભેર એમ્બ્યુલન્સ ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં હનીફભાઈની બાજુમાં બેસેલા સહકર્મી નવનાથભાઈ આગરેને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. વ્યાસવાડી અમદાવાદ ખાતે રહેતા મૃતકના પુત્ર કૃણાલે એમ્બ્યુલન્સના ડ્રાઈવર હનિફભાઈની સામે ફરીયાદ આપતા અડાલજ પોલીસે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

શહેર વસાહત મહામંડળે રેન્જ આઈ.જી. હસમુખ પટેલની સૌજન્ય મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં મહાત્મા મંદિરના નિર્માણ બાદ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારો મોટા પ્રમાણમાં થવા લાગ્યા છે. જેના કારણે શહેરના સેક્ટર-૭ અને ૨૧ની પોલીસ બંદોબસ્તમાં જ રહે છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગરે રેન્જ આઈ.જી. હસમુખ પટેલની મુલાકાત લઈ નગરના પ્રશ્નોની છણાવટ કરી હતી.

હાલમાં જ ગાંધીનગરમાં રેન્જ આઈ.જી. તરીકે હસમુખ પટેલની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર શહેર મહામંડળના અરૂણ બુચ અને સભ્યોએ રેન્જ આઈ.જી. પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. જેમાં ગાંધીનગરના સળગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

અરૂણ બુચે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં મહાત્મા મંદિર નિર્માણ બાદ શહેરની પોલીસ વી.વી.આઈ.પી. બંદોબસ્તમાં જ વ્યસ્ત હોય છે. જેના કારણે શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધે છે. ત્યારે બંદોબસ્તમાં એસ.આર.પી. પોલીસને ફરજ સોંપવા અને નગરની રક્ષામાં શહેરના સેક્ટર-૨૧ અને ૭ પોલીસ સ્ટેશનના સ્ટાફને સોંપવા જણાવ્યું હતું.

મુલાકાતમાં મહામંડળના અરૂણ બુચ, સુધીર દેસાઈ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, નિલેન્દુ વોરા, સી.પી. સોની, દિનેશસિંહ ચાવડા, ચંદુજી ઠાકોર, ભરત દિક્ષિત સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ રેન્જ આઈ.જી.ને જવાબદારીમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સે-૧૩ લિંબચ મંદિરે મહાઆરતી સમયમાં ફેરફાર

સેકટર-૧૩ સ્થિત લિંબચ માતાજી મંદિરે ચૈત્રી પૂનમની મહાઆરતી અને મહાપ્રસાદી ધરાવવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ખગ્રાસ ચંદ્રગ્રહણ હોવાથી મહાપ્રસાદ અને મહાઆરતી આજે શનિવારે સવારે ૧૦-૦૦ વાગે કરવામાં આવશે. ત્યારબાદ સવારના ૧૧-૦૦થી રાત્રીના ૮-૩૦ કલાક દરમિયાન મંદિર બંધ રહેશે.

ટોરેન્ટ પાવર દ્વારા વીજ ભાવ વધારાનો વિરોધ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર અને અમદાવાદના વીજ ગ્રાહકો પર ટોરેન્ટ પાવર કંપની દ્વારા છાશવારે ભાવ વધારો ઠોકી બેસાડવામાં આવ્યો છે. તે અંગે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા વિરોધનો સૂર વ્યક્ત કરવામાં આવ્યો છે. ટોરેન્ટ પાવર દ્વારા ગાંધીનગર-અમદાવાદ સિવાય રાજ્યના અન્ય શહરોમાં પણ વીજળી પુરી પાડવામાં આવે છે પરંતુ ત્યાં વારે ઘડીયે ભાવ વધારો કરવામાં આવતો નથી. ગાંધીનગર અમદાવાદમાં મીટર ભાડા અથવા અન્ય નામે યેન કેન પ્રકારે વારંવાર ભાવ વધારો કરાય છે. જેના કારણે મધ્યમવર્ગીય વીજ ગ્રાહકો પર મોટો આર્થિક બોજો પડે છે. જે ગ્રાહકને અંતે ગેરકાનુની કૃત્યો કરવા માટે પ્રેરે છે. તેવી પરિષદની માન્યતા છે. આથી ટોરેન્ટ પાવર દ્વારા કરવામાં આવેલ વીજ ભાવવધારો સત્વરે પરત ખેંચવો જોઈએ તેવી પરિષદ દ્વારા માંગ કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૫૭

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૪ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. સોલંકી ફુલાજી ગોપાલજી (ઉ.વ.૮૫) મુ. ગળથરા, તા. માણતા, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ ડાહીબેન મણીલાલ (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૯૨/૧, સેકટર-૨એ, ગાંધીનગર